દર માસની ૧લી અને ૧૫મી તારીખે અમદાવાદથી પ્રસિદ્ધ થતું પાક્ષિક સમાચાર પત્ર

Dt. 01 / 02 / 2026 Page : 1

Posted at Ahd. P.S.O. on 3rd & 18th every Month

આશાદીપ પાક્ષિક સમાચાર પત્ર
Mob.: 09825851274, 7802098449

To, ______________

Pin - ______________

Approved by Govt. of India Regd. RNI No. of RNP is 71195/99
Postal Regd. No. Guj-54/2024-2026 Valid upto 31-12-2026
Issued by SSPO's, Ahmedabad City Division

# આશાદીપ

પાક્ષિક સમાચાર પત્ર
(ASHADEEP Gujarati Fortnightly)

Place of Publication : B-104, Anmol Twin Bunglows, Opp. Ayodhyanagri Society, Nr. G.S.T. Crossing, Chenpur Road, New Ranip, AHMEDABAD - 382470. Mob.: 09825851274, 7802098449, 9510530529, E-mail :- ashadeep42@gmail.com, www.ashadeepnews.com

■ Vol.: 27, ■ Issue No. 10 ■ Continue Issue : 632 ■ Date : 01/02/2026, ■ Page : 4, ■ Price : Rs. 2.50/-, ■ Annual Subscription Rs. 101/-

Branch Office (1) [illegible]
(2) [illegible]
(3) [illegible]




આશાદીપ પાક્ષિક ન્યુઝ પેપર

પ્રેસનોટ, ધાર્મિક નોંધ, શાળાકીય પ્રોગ્રામો, સંસ્થાકીય માહિતીઓ, શ્રધ્ધાંજલિ, બેસણું, મેરેજબ્યુરોનું ફોર્મ ભરવા તેમજ લગ્ન વિષયક, જમીન, મકાન લે-વેચ, ધંધાકીય જાહેરાત, માટે સંપર્ક કરો.

M.9825851274 / 7802098449







## રેલવેમાં તત્કાલ ટિકિટ બુકિંગના નવા નિયમો જાહેર, નાગરિકો માટે મહત્ત્વના ફેરફાર

ભારતીય રેલવેએ ૨૦૨૬માં તત્કાલ ટિકિટ બુકિંગ માટે નવા નિયમો અમલમાં મુક્યાં છે, જેનો ઉદેશ્ય સામાન્ય મુસાફરો માટે બુકિંગ પ્રક્રિયાને વધુ ન્યાયી અને સરળ બનાવવાનો છે. આ અપડેટ કરેલી માર્ગદર્શિકા બુકિંગ માટેના ચોક્કસ ધારાધોરણો નિર્ધારિત કરે છે. આ ઉપરાંત એક એકાઉન્ટમાંથી કેટલી ટિકિટ બુક થઈ શકશે તેની પણ મર્યાદા નક્કી કરે છે. જેથી ઓટોમેટેડ સિસ્ટમ્સ તેમજ એજન્ટો દ્વારા થતા દુરુપયોગને અટકાવી શકાય.

નવા નિયમો મુજબ, કોઈપણ ક્લાસ (શ્રેણી) કે રૂટ હોય, તત્કાલ બુકિંગ મુસાફરીના એક દિવસ પહેલા સવારે ૧૦:૦૦ વાગ્યે એકસાથે શરૂ થશે. અગાઉના અલગ-અલગ સમયના બદલે હવે આ ફેરફારથી મુસાફરો માટે બુકિંગના સમયને યાદ રાખવો અને આયોજન કરવું સરળ બનશે. આ ઉપરાંત, હવે એક IRCTC એકાઉન્ટ દીઠ દિવસમાં વધુમાં વધુ બે તત્કાલ ટિકિટ બુક કરવાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ મર્યાદાનો હેતુ દરેક નાગરિકને ટિકિટ મળી રહે તે માટેનો છે ઉપરાંત એજન્ટો પર લગામ પણ લગાવી શકાય તે માટે છે.




બુકિંગ પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે હવે કડક CAPTCHA સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. જે ઓટોમેટેડ સોફ્ટવેર અને બોટ્સ (bots) દ્વારા થતા બુકિંગને અટકાવશે. બુકિંગના પીક સમય દરમિયાન આ વિઝ્યુઅલ પઝલ્સ જાણીજોઈને થોડી જટિલ રાખવામાં આવશે. જેથી માત્ર વાસ્તવિક યુઝર્સ જ પ્રક્રિયા પૂર્ણ કરી શકે, કોઈ રોબોટ કે સોફ્ટવેર નહી.

બીજો એક મોટો ફેરફાર એ છે કે, પ્રોવિઝનલ સીટ મળ્યા બાદ મુસાફરોએ વિલંબ કર્યા વગર પેમેન્ટ પૂર્ણ કરવાનું રહેશે. જો નિર્ધારિત સમયમાં પેમેન્ટ પૂર્ણ નહીં થાય, તો ટિકિટ આપોઆપ રદ થઈ જશે અને તે ફરીથી તત્કાલ ક્વોટામાં આવી જશે, જેથી બીજા મુસાફરોને તક મળી શકે.

નવી માર્ગદર્શિકામાં રિફંડના નિયમો પણ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે તત્કાલ ટિકિટ પર બહુ ઓછું અથવા કોઈ રિફંડ મળતું નથી, પરંતુ જો ટ્રેન રદ થાય અથવા ૪ કલાકથી વધુ મોડી હોય, તો મુસાફરો સંપૂર્ણ રિફંડ મેળવવા માટે હકદાર રહેશે.

## અમદાવાદ મહેસાણા વચ્ચેના હાઈવેને ૨૬૩૦ કરોડના ખર્ચે આઠ માર્ગીય કરવાની મંજૂરી

અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા મહત્વના એવા અમદાવાદ-મહેસાણા વચ્ચેના ૫૧ કિમીના હાઈવેને રૂ.૨૬૩૦ કરોડના ખર્ચે આઠ માર્ગીય કરવાના પ્રોજેક્ટને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યની જનતા માટે રોડ-રસ્તા સહિતની શ્રેષ્ઠ માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા મહત્વના એવા અમદાવાદ-મહેસાણા વચ્ચેના ૫૧ કિમીના હાઈવેને રૂ.૨૬૩૦ કરોડના ખર્ચે આઠ માર્ગીય કરવાના પ્રોજેક્ટને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. આ કામગીરી પૂર્ણ થવાથી ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ તથા બનાસકાંઠા જિલ્લાની પ્રજાને આ સુવિધાનો લાભ મળવાની સાથે વર્ષો જૂની માંગ સંતોષાશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

પ્રવક્તા મંત્રી વાઘાણીએ કહ્યું હતું કે,અડાલજથી પાલાવાસણા સર્કલ, મહેસાણા સુધીના કુલ ૫૧.૬૦ કિ.મી.ના માર્ગને આઠ માર્ગીય કરાશે.અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા આ હાઈવેને વર્ષ ૧૯૯૯માં ચાર માર્ગીય બનાવવામાં આવ્યો હતો.જેમાં રસ્તાની સળંગ લંબાઈમાં રસ્તાની બંને બાજુ સર્વિસ રોડની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

તાજેતરના ટ્રાફિક સર્વે મુજબ એક દિવસમાં અંદાજે કુલ ૧ લાખથી વધારે વાહનો આ માર્ગ ઉપર અવર જવર કરે છે.જેથી રસ્તા પરના ટ્રાફિક ભારણને ધ્યાને લઈ હયાત ચાર માર્ગીય રસ્તાને આઠ માર્ગીયકરણ કરવાના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.જેમાં મુખ્ય રસ્તાને આઠ માર્ગીયકરણ તથા રસ્તાની બંને બાજુ ૭ મીટર પહોળા સર્વિસ રોડ બનાવવામાં આવશે જેથી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણની સાથે ઝડપી અને સલામત પરિવહન શક્ય બનશે.

પ્રવક્તા મંત્રીએ પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે,અમદાવાદ-મહેસાણા માર્ગ વચ્ચે આવતા કલોલ શહેરના ટ્રાફિકનું ભારણ ઘટાડવા શહેરમાંથી પસાર થતી લંબાઈમાં

અનુસંધાન ત્રીજ પાને...

### મધર ઓફ ઓલ ડીલ્સ અંગે અમેરિકાની પ્રતિક્રિયા

## મધર ઓફ ઓલ ડીલ્સમાં ભારતને બમ્પર ફાયદો થયો

ભારત-યુરોપિયન યુનિયન (EU) વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર વોશિંગ્ટન તરફથી પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બિઝનેસ પ્રમુખે કહ્યું કે, આ ડીલમાં ભારત સૌથી વધારે ફાયદામાં રહેશે. અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીરે જણાવ્યું કે, ભારતને આ ડીલથી યુરોપમાં વધારે માર્કેટ એક્સેસ મળશે.

ફોકસ બિઝનેસને આપેલા ઈન્ટરવ્યુમાં ગ્રીરે કહ્યું કે, "મને લાગે છે કે ભારત આ ડીલમાં ટોચ પર રહ્યું છે. ભારતને યુરોપમાં વધુ પ્રવેશ મળશે. એવું લાગી રહ્યું છે કે ભારતીય કામદારો માટે કેટલાક વધારાના ઈમિગ્રેશન અધિકારો પણ છે. યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને ભારતીય કામદારોની મોબિલિટી અંગે વાત કરી છે. આ ડીલથી ભારતને જ મોટો ફાયદો મળશે કારણ કે તેની પાસે લો-કોસ્ટ લેબર છે."

આ ડીલ બે દાયકા લાંબી વાતચીત બાદ નવી દિલ્હીમાં ફાઈનલ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેને હૈદરાબાદ હાઉસ ખાતે તેની જાહેરાત કરી હતી. તેને મધર ઓફ ઓલ ડીલ્સ ગણાવવામાં આવી રહી છે. આ સમજૂતીના કારણે ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરને વેગ મળશે. રોકાણકારોનો વિશ્વાસ વધશે અને સાથે જ સિક્યોરિટી, ડિફેન્સ અને મોબિલિટી પાર્ટનરશિપ પર પણ સમજૂતી થઈ છે.

ગ્રીરે રણનીતિક દ્રષ્ટિએ સમજાવ્યું કે, ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકાના સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા આપી છે અને બીજા દેશો પાસેથી માર્કેટ એક્સેસ માટે ફી વસૂલવાનું શરૂ કર્યું છે. તેના કારણે યુરોપ જેવા દેશો ઓવરપ્રોડક્શનનો સામનો કરી રહ્યા છે અને તેઓ ભારત જેવા બજાર તરફ વળી રહ્યા છે.

ગ્રીરે EU પર કટાક્ષ કરતા કહ્યું કે, તેઓ ગ્લોબલાઈઝેશન પર ડબલ ડાઉન કરી રહ્યા છે, જ્યારે અમેરિકા ગ્લોબલાઈઝેશનની સમસ્યાને સ્થાનિક સ્તરે જ સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર ગયા વર્ષે ઓગસ્ટમાં ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો, જેના કારણે ભારતીય નિકાસકારોને નુકસાન પહોંચી રહ્યું છે. ખાસ કરીને લેબર ઈન્ટેન્સિવ સેક્ટર જેવા કે ટેક્સટાઈલ અને એપેરલ તેનાથી પ્રભાવિત છે. એપેરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (AEPC) એ ચેતવણી આપી છે કે, અમેરિકી બજારમાં અચાનક થતું નુકસાન કાયમી ગ્રાહકો છીનવી લેશે અને વિયેતનામ તથા બાંગ્લાદેશ જેવા હરીફ દેશો તેનો ફાયદો ઉઠાવશે. માર્કેટ ડાઈવર્સિફિકેશનમાં ૨-૩ વર્ષ લાગે છે, જેના કારણે રોજગારી અને રોકાણ પણ પ્રભાવિત થઈ શકે છે.

અનુસંધાન ત્રીજા પાને...

## શ્રદ્ધાંજલિ



### સ્વ. શ્રી રસિકભાઈ ગાંડાભાઈ પટેલ

(સાલડીવાળા)

જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૩ ■ સ્વ. તા. ૧૫/૦૩/૨૦૨૫

તંત્રીશ્રી

કડવા પાટીદાર બેતાલીસ સમાજ તેમજ સમગ્ર પટેલ પરિવારનું આગવું

- આશાદીપ પાક્ષિક સમાચાર પત્ર
- આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્ર (સંચાલકશ્રી)

પ્રિયજન ગુમાવવાનું દુઃખ શબ્દોમાં વર્ણવવું સહેલું નથી. તે એક એવો ઘા છે જે બહારથી દેખાતો નથી, પણ વ્યક્તિને અંદરથી તોડી નાખે છે. ઘણીવાર લોકો એવું વર્તન કરે છે કે જાણે કોઈના ગયા પછી તેમને બહુ કંઈ ફરક જ ન પડ્યો હોય, પરંતુ આપણે ગમે તેટલા પ્રયત્ન કરીએ, તેમની ગેરહાજરીનુ દુઃખ દરેક ક્ષણે દિલમાં રહે છે. આ સંસાર પ્રકૃતિના નિયમોને અધીન છે અને પરિવર્તન એક નિયમ છે શરીર તો માત્ર એક સાધન છે આ દુઃખ ની ઘડીમાં અમે બધા તમારી સાથે છીએ દિવંગત આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**શોકાતુર પરિવાર**

સ્વ. પટેલ ગાંડાભાઈ કેશવલાલ માધવદાસ તથા
ગં.સ્વ. પટેલ નર્મદાબેન ગાંડાભાઈ (ખરણીયા) સહ-પરિવાર

સ્વ.પટેલ આશાબેન રસિકભાઈ
પટેલ ભાવેશ રસિકભાઈ
પટેલ હરિતાબેન ભાવેશકુમાર
પટેલ ફોરમ ભાવેશકુમાર
પટેલ વિજય રસિકભાઈ

સ્વ.પટેલ જગદીશભાઈ ગાંડાલાલ
ગં.સ્વ. તારાબેન જગદીશભાઈ
પટેલ અમિત જગદીશભાઈ

પટેલ સંદિપ જગદીશભાઈ
પટેલ હેતલબેન સંદીપકુમાર
પટેલ વૈશ્વી સંદીપકુમાર
પટેલ માનવ સંદીપકુમાર

પટેલ જશોદાબેન કનૈયાલાલ (બહેન- આખજ)
પટેલ કનૈયાલાલ રામદાસ (હાલ - અમદાવાદ)
પટેલ રમીલાબેન હર્ષદલાલ (ભટાસણ - બહેન)
સ્વ.પટેલ હર્ષદલાલ સોમદાસ (હાલ - કડી)

પટેલ બિપીનભાઈ કનૈયાલાલ
પટેલ ખુશ્બુબેન બિપીનભાઈ
પટેલ સ્વર બિપીનભાઈ
પટેલ તુષારકુમાર કનૈયાલાલ
પટેલ નિર્મલા ભદ્રેશકુમાર

પટેલ ચિરાગકુમાર હર્ષદલાલ
પટેલ એકતા ચિરાગકુમાર
પટેલ હેતલબેન હર્ષદલાલ

તથા આશાદીપ પાક્ષિક સમાચાર પત્રના હોદ્દેદારો, કારોબારી સભ્યો,
સલાહકારબોર્ડના સભ્યો અને આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્રના સંચાલકો

રહે. : બી-૧૦૪,અનમોલ ટ્વીન બંગ્લોઝ, અયોધ્યાનગરી સોસાયટીની સામે, જી.એસ.ટી. ક્રોસીંગ ચેનપુર રોડ, ન્યુ રાણીપ, અમદાવાદ-૭૦.
ફર્મ : ક.પા.બેતાલીસ સમાજ તેમજ સમગ્ર પટેલ આગવું આશાદીપ પાક્ષિક સમાચાર પત્ર તથા આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્ર
(મો.) ૯૮૨૫૮૫૧૨૭૪, ૯૯૭૪૯૦૨૨૫૩ (વિજય)

# કડવા પાટીદાર બેતાલીસ સમાજ તેમજ સમગ્ર પાટીદાર પરિવાર સંચાલિત, આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્ર

**સંચાલક : શ્રી રસિકભાઈ જી. પટેલ ★ સ્વ આશાબેન આર. પટેલ**

**★ પ્રમુખશ્રી : ચોક્સી વિષ્ણુભાઈ એમ. ★ ઉપપ્રમુખશ્રી : ચોકસી મહેન્દ્રકુમાર એચ.**

કડવા પાટીદાર બેતાલીસ સમાજ તેમજ સમગ્ર પટેલ પરિવારનું આગવુ આશાદીપ પાક્ષિક સમાચાર પત્ર દ્વારા સંચાલિત આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્રમાં આપના લગ્નોત્સુક દીકરા - દીકરીઓના બાયોડેટા સત્વરે આશાદીપ પાક્ષિક સમાચાર પત્રના ટાઈટલ પેજ ઉપર આપેલા રજીસ્ટર્ડ કાર્યાલય ઉપર અથવા બ્રાન્ચ ઓફિસ તેમજ કલેકશન સેન્ટર ઉપર નોંધાવો. આપણે જરૂરિયાતવાળા દિકરા - દીકરીઓનો સંપર્ક કરવા માટે આપને આપેલા પાસવર્ડ મુજબ **www.ashadeepnews.com** વેબસાઈટમાં ચેક કર્યા બાદ કાર્યાલયનો સંપર્ક કરવો.

બીજુ ખાસ જણાવવાનુ કે જે દિકરા - દિકરીઓ લગ્ન સંબંધથી જોડાયેલ ગયેલ હોય તેઓએ સત્વરે કાર્યાલય પર જાણ કરી પોતાનુ નામ કમી કરાવવુ. નીચેના બાયોડેટામાં જેના સંબંધો થઈ ગયેલ છે, તેમના બાયોડેટા નંબર કમી કરેલ છે.

**ખાસ નોંધ : દિકરા/દિકરીઓના નોંધાયેલ બાયોડેટાના ફોન નંબર માટે તેમજ વધુ માહિતી માટે, સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ કલાકે (મો) ૯૮૨૫૮૫૧૨૭૪ / ૯૯૭૪૯૦૨૨૫૩ નો સંપર્ક કરવો.**

## આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્ર

### લગ્નોત્સુક ભાઇઓનુ લીસ્ટ

| NO | GOR | રહેઠાણ | QFY | DOB | HTE | WT | કુ/વિ | વ્યવસાય / વિશેષ નોંધ | વતન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1799 | KP | અમદાવાદ | S.S.C. | 28-11-89 | 5'5” | 54 | કુંવારા | પોતે તથા પિતા - સર્વિસ, | વડનગર |
| 2018 | 42 | અમદાવાદ | Std.12 , Advanced IT | 07-08-94 | 5'6” | 73 | કુંવારા | પોતે - યુ.એસ.એ. સીટીઝન, માતા-પિતા ના યુ.એસ.એ. વિઝીટર વિઝા છે | પલિયડ |
| 2029 | 42 | કેનેડા | B.Tech in Computer | 20-10-97 | 5'7” | 65 | કુંવારા | પોતે કેનેડામાં જોબ, માતા-પિતાના કેનેડાના વિઝિટર વિઝા, યુ.એસ.એ. ઈમીગ્રેશન ફાઈલ | પલિયડ |
| | | | Science & Engineering, Postgraduate information Technology Business Analysis in Canada | | | | | | |
| 2049 | 42 | કેનેડા | B.S.C., M.S.C. (Enviranmental) | 20-11-95 | 5'7” | 65 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને જોબ, પિતા-જોબ, ભાઈ-યુ.એસ.એ., બહેને ઓસ્ટ્રેલિયા મેરીડ | સુરજ |
| 2050 | 42 | યુ.એસ.એ. | Diploma Pharmacy | 12-04-74 | 5'4” | 80 | છુટાછેડા | પોતે - અમેરિકામાં પોતાનો ધંધો, ભાઈ-ભાભી ઓસ્ટ્રેલીયા, બહેન - કેનેડા મેરીડ | કરજીસણ |
| 2051 | 42 | યુ.એસ.એ. | H.S.C. Sci., 2 Yr. Study in USA | 23-10-2000 | 5'5” | 70 | કુંવારા | પોતે - યુ.એસ.એ.માં જોબ, પિતા - જોબ, બહેન - કેનેડા | ભટાસણ |
| 2056 | 42 | યુ.એસ.એ. | Master of Sci. Regulatory Affa. | 10-09-91 | 6'0” | 76 | છુટાછેડા | પોતે તથા ફેમીલી યુ.એસ.એ. અને જોબ | ડરણ (કડી) |
| 2057 | 42 | યુ.કે. | Bachelor of Comp. Engineer | 24-08-2000 | 5'7” | 70 | કુંવારા | પોતે યુ.કે.માં અભ્યાસ તથા જોબ, પિતા - જોબ, ભાઈ - લંડન | ગોઝારિયા |
| 2058 | 42 | યુ.એસ.એ. | B.Com., M.Com | 23-11-2000 | 5'8” | 55 | કુંવારા | પોતે - યુ.એસ.એ.માં જોબ, પિતા - સ્વર્ગવાસ, ભાઈ - ગર્વમેન્ટ જોબ | કલોલ |
| 2059 | 12 | અમદાવાદ | Master in Data Science in USA | 11-04-95 | 5'10” | 78 | કુંવારા | પોતે - સર્વિસ, પિતા - પોતાનો ધંધો, બહેન યુ.એસ.એ. મેરેજ | લાડોલ |
| 2060 | 42 | યુ.એસ.એ. | Bachelor in Finance in USA | 18-06-93 | 5'5” | 59 | કુંવારા | પોતે - યુ.એસ.એ.માં બિઝનેસ, ફેમીલી ગ્રીનકાર્ડ હોલ્ડર અને યુ.એસ.એ. સીટીઝન | નવી શેઢાવી |
| 2061 | 42 | યુ.એસ.એ. | Master of Computer Science | 15-11-91 | 5'10” | 85 | કુંવારા | પોતે - યુ.એસ.એ. ગ્રીનકાર્ડ હોલ્ડર અને જોબ, પિતા - પોતાનો ધંધો, ભાઈ-યુ.એસ.એ. | કલોલ |
| 2062 | 42 | લંડન | B.Com., M.Com | 21-12-2000 | 5'8” | 60 | કુંવારા | પોતે - લંડનમાં પોતાનો ધંધો, પિતા - પોતાનો ધંધો | જાસલપુર |
| 2063 | 42 | કેનેડા | M.Com., | 21-07-98 | 5'8” | 57 | કુંવારા | પોતે કેનેડા પી.આર.અને જોબ, પિતા - પોતાનો ધંધો | ધારપુરા |
| | | | Supply Chain Magememt, Human Resouce Management | | | | | | |
| 2064 | 42 | કેનેડા | Bachelor of Physiotherapy | 11-04-95 | 5'7” | 64 | કુંવારા | પોતે કેનેડા અને ફિજીયોથેરાપી આસિસ્ટન્ટની જોબ, પિતા - રીટાયર્ડ | ડાંગરવા |
| 2065 | 42 | કલોલ | M.B.A. Marketing | 08-12-92 | 5'7” | 63 | કુંવારા | પોતે - વિઝા કન્સલ્ટન્સીમાં જોબ, પિતા - રીટાયર્ડ | રાજપુર |
| 2066 | 42 | કેનેડા | B.Civil Engi. P.B.I.M. in Canada | 15-07-95 | 5'9” | 80 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - ગર્વમેન્ટ જોબ, ભાઈ,ભાભી - યુ.એસ.એ. | સાંગણપુર |
| 2067 | 42 | કેનેડા | Soft. testing & Quality | 02-04-99 | 5'8” | 70 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને જોબ, પિતા - પોતાનો ધંધો | મોખાસણ |
| 2068 | 42 | કેનેડા | Busi. Management in Canada | 01-11-2001 | 5'6” | 60 | કુંવારા | પોતે - કેનેડા સ્ટોરમાં જોબ, પિતા - લેબર કોન્ટ્રાકટર, બહેન કેનેડા | નારદીપુર |
| 2069 | 42 | કેનેડા | Dip.+B.E. in Civil Engi.-Canada | 23-12-96 | 5'7” | 55 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને સ્ટોરમાં જોબ, પિતા - શિક્ષક | રાજપુર |
| 2070 | 42 | લંડન | B.C.A.,Mob. App. Dep.-Canada | 27-06-98 | 5'11” | 78 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને સ્ટોર મેનેજર, માતા-પિતા અને ભાઈ પોતાનો ધંધો - યુ.એસ.એ. | સાલડી |
| 2071 | 42 | અમદાવાદ | B.E. Civil Engineering | 10-09-96 | 5'9” | 80 | કુંવારા | પોતે - જોબ, માતા-પિતા યુ.એસ.એ. વિઝીટર વિઝા, એક - બહેન ઓસ્ટ્રેલિયા | જોરણંગ |
| 2073 | 42 | કેનેડા | B.E. Mechanical Engi. In India | 09-10-96 | 5'7” | 61 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને જોબ, પિતા - મેનેજરની જોબ | ભટાસણ |
| | | | Automated Mfg At Canada | | | | | | |
| 2074 | 42 | યુ.એસ.એ. | Chemical Engineer in USA | 01-10-2000 | 5'10” | 90 | કુંવારા | પોતે તથા માતા - પિતા યુ.એસ.એ. સીટીઝન | ડાંગરવા |
| 2075 | 42 | કેનેડા | Comp. Engineer in India | 29-09-98 | 5'9” | 59 | કુંવારા | પોતે કેનેડા અને ન્યુઝીલેન્ડ પી.આર., હાલ કેનેડામાં જોબ, પિતા - રીટાયર્ડ | ડીંગુચા |
| 2076 | 42 | કેનેડા | CST Software Developer | 18-11-98 | 5'7” | 85 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને જોબ, માતા-પિતા કેનેડામાં જોબ | સઈજ |
| 2077 | 42 | અમદાવાદ | Bachelor of Pharmacy | 21-09-96 | 5'8” | 68 | કુંવારા | પોતે - યુ.એસ.એ. બેઝ કંપનીમાં જોબ, ભાઈ - યુ.એસ.એ., પિતા - પોતાનો ધંધો | ગોઝારીયા |
| 2078 | 42 | કલોલ | B.Com Complate | 19-08-98 | 5'11” | 83 | કુંવારા | પોતે - કેનેડા પી.આર. અને જોબ, પિતા - ખેતીવાડી | ઘુમાસણ |
| 2079 | 42 | ગોઝારીયા | B.Sc. Chamestry | 06-04-95 | 5'6” | 62 | કુંવારા | પોતે તથા ભાઈ કેનેડા પી.આર. અને જોબ, પિતા - પોતાનો ધંધો | ખરણા |
| 2083 | મોટોબાર | અમદાવાદ | B.Pharmacy | 12-04-92 | 5'6” | 52 | કુંવારા | પોતે - જોબ, પિતા - સ્વર્ગવાસ, | કુંદાલ |
| 2084 | 42 | કલોલ | Graduation | 01-06-88 | 5'0” | 85 | છુટાછેડા | પોતે - જોબ, પિતા - ખેતીવાડી | પલસાણા |
| 2086 | 42 | લંડન | Master Software Engineering | 28-11-98 | 5'8” | 62 | કુંવારા | પોતે - યુ.કે. લંડનમાં જોબ, માતા - સ્કુલમાં જોબ, એક બહેન યુ.એસ.એ., | જાસલપુર |
| 2087 | 42 | કલોલ | I.T. Engineering | 02-02-96 | 5'7” | 65 | કુંવારા | પોતે હોમ ફોર વર્ક, માતા - ગર્વમેન્ટ જોબ અને ગ્રીનકાર્ડ હોલ્ડર, | કૈયલ |
| 2092 | 42 | જ્યોર્જીયન | Computer Programming | 21-05-99 | 5'6” | 70 | કુંવારા | પોતે ઓસ્ટ્રેલિયામાં જોબ, પિતા - જોબ, બહેન-બનેવી - કેનેડા પી.આર. | કલોલ |
| 2093 | 42 | કેનેડા | B.Com., L.L.B. | 04-07-98 | 5'10” | 83 | કુંવારા | પોતે કેનેડામાં જોબ અને પી.આર.ની પ્રોસેસ, પિતા - એડવોકેટ | રૂપાલ |
| 2094 | 42 | અમદાવાદ | B.C.A. | 17-01-92 | 5'6” | 58 | છુટાછેડા | પોતે પોતાનો ધંધો, પિતા - રીટાયર્ડ, એક બહેન અમેરિકા, | પલિયડ |
| 2095 | 42 | અમદાવાદ | H.S.C. | 30-08-98 | 5'4” | 85 | કુંવારા | પોતે આઈ.ટી. કંપનીમાં જોબ, કેનેડાની ફાઈલ મુકેલ છે, પિતા - યુ.એસ.એ. રીર્ટન, | ડીંગુચા |
| | | | Hardware & Soft. Engineering | | | | | ભાઈ - કેનેડા સીટીઝન | |
| 2096 | 42 | કેનેડા | M.S.c in Chemistry | 20-12-91 | 5'11” | 70 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - ખેતીવાડી, | ઘુમાસણ |
| 2097 | 42 | અમદાવાદ | M. Ele. Engineering Degree | 28-04-95 | 5'8” | 76 | કુંવારા | પોતે ગર્વમેન્ટ જોબ, પિતા - ખેતીવાડી, | દેઉસણા |
| 2098 | 42 | કેનેડા | CLT in Canada | 14-06-2002 | 5'6” | 59 | કુંવારા | પોતે કેનેડામાં જોબ, પિતા - જવેલર્સનો પોતાનો ધંધો | ગણેશપુરા |
| 2099 | 42 | કેનેડા | Project Management | 25-05-97 | 5'6” | 57 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - ખેતીવાડી, | લક્ષ્મીપુરા (નંદાસણ) |
| 3000 | 42 | કેનેડા | Dip. Mech. Engi. in Canada | 25-01-2001 | 6'0” | 90 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - ખેતીવાડી, બહેન - યુ.એસ.એ. મેરીડ | ઉવારસદ |
| 3001 | 42 | કેનેડા | Dip. Comp. Engi. in Canada | 16-12-2000 | 5'8” | 78 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - પોતાનો ધંધો, બહેન જોબ | સાલડી |
| 3002 | 42 | યુ.એસ.એ. | M.Computer Science in USA | 04-05-99 | 5'10” | 65 | કુંવારા | પોતે યુ.એસ.એ. માં અભ્યાસ, પિતા - પોતાનો ધંધો, દાદા-દાદી કેનેડા | નારદીપુર |
| 3004 | 42 | કડવાસણ | E.C. Diploma Engineering | 26-03-93 | 5'6” | 62 | છુટાછેડા | પોતે મહેસાણામાં પોતાનો ધંધો, પિતા - યુ.એસ.એ. | કડવાસણ |
| 3005 | 42 | યુ.એસ.એ. | B.C.A. (Computer Application) | 02-11-94 | 5'9” | 75 | કુંવારા | પોતે તથા ફેમીલી યુ.એસ.એ. ગ્રીનકાર્ડ હોલ્ડર અને પોતાનો ધંધો | વેડા (ગોવિંદપુરા) |
| 3006 | 42 | અમદાવાદ | B.Com | 10-05-96 | 5'7” | 48 | કુંવારા | પોતે-સર્વિસ,માતા-પિતાના યુ.એસ.એ. અને કેનેડાના વિઝીટર વિઝા, ભાઈ-કેનેડા સીટીઝન | સરસાવ |
| 3008 | 42 | અમદાવાદ | Bachelor of Physiotherapy | 06-03-2000 | 5'5” | 63 | કુંવારા | પોતે - સર્વિસ, પિતા - સર્વિસ, બહેન કેનેડા સીટીઝન | ઉંટવા |
| 3010 | 42 | અમદાવાદ | M.B.B.S. (M.D. Anaesthetist) | 03-02-96 | 5'7” | 68 | કુંવારા | પોતે - હોસ્પિટલમાં સર્વિસ, ભાઈ - કેનેડા | ડાંગરવા |
| 3011 | 42 | કેનેડા | B.S.C. | 08-11-95 | 5'8” | 65 | કુંવારા | પોતે - કેનેડામાં જોબ, ભાઈ-ભાભી કેનેડામાં જોબ, પિતા - એજન્ટ | જાસલપુર |
| 3012 | 42 | યુ.એસ.એ. | B.C.A.,M.C.A., Ms. in Business | 09-12-99 | 5'11” | 76 | કુંવારા | પોતે યુ.એસ.એ.માં જોબ,પિતા-ઓઈલ મીલનો ધંધો, દાદા-દાદી-ગ્રીનકાર્ડ હોલ્ડર | ઘટીસણા |
| 3018 | 42 | અમદાવાદ | M.C.A. | 29-05-98 | 5'9” | 74 | કુંવારા | પોતે તથા પિતા પોતાનો ધંધો | પલિયડ |
| 3021 | 42 | કેનેડા | Bachelor of Engineering (IT) | 18-07-96 | 5'8” | 65 | કુંવારા | પોતે કેનેડા, પિતા - યુ.એસ.એ. | નંદાસણ |
| 3022 | 42 | કેનેડા | Busi. Managament in Canada | 08-02-2000 | 5'11” | 78 | કુંવારા | પોતે કેનેડામાં વર્ક પરમીટ ધરાવતા અને જોબ કરતાં, બહેન કેનેડા, પિતા - જોબ | ખરણા |
| 3023 | 42 | કલોલ | B.A.M.S. | 22-11-97 | 5'10” | 75 | કુંવારા | પોતનું કલીનીક, પિતા - પોતાનો ધંધો, એક ભાઈ - કેનેડા, કાકાનું ફેમિલી યુ.એસ.એ. | ઈન્દ્રાડ |
| 3024 | 42 | કેનેડા | I.T. | 28-09-99 | 5'8” | 66 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - પોતાનો ધંધો, બહેન કેનેડા મેરીડ અને સીટીઝન | અંબાસણ |
| 3025 | 42 | કેનેડા | B.B.A., Dip. in Digital Marketing | 01-08-97 | 5'8” | 85 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને પોતાનો સ્ટોર, પિતા - રીટાયર્ડ | ભટાસણ |
| 3026 | 42 | કેનેડા | BCA | 27-03-92 | 5'8” | 75 | કુંવારા | પોતે કેનેડા અને જોબ, પિતા - રીટાયર્ડ, ભાઈ - ભાભી કેનેડા અને જોબ | બોરીસણા |
| 3027 | 42 | યુ.એસ.એ. | Computer Engineer | 29-09-2000 | 5'5” | 61 | કુંવારા | પોતે તથા ફેમિલી યુ.એસ.એ. ગ્રીનકાર્ડ હોલ્ડર | દેઉસણા |
| 3028 | 42 | કેનેડા | Computer Sys. Tech. Networking | 25-09-98 | 5'8” | 70 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને પોતાનો ધંધો,ભાઈ-ભાભી યુ.એસ.એ. પોતાનો ધંધો,પિતા-રીટાયર્ડ | માંકણજ |
| 3029 | 42 | કેનેડા | M.Com | 02-10-91 | 5'8” | 72 | કુંવારા | પોતે કેનેડા પી.આર. અને જોબ,ભાઈ - યુ.એસ.એ. | માથાસુર |
| 3030 | 42 | કેનેડા | B. E. MECH. ENGINEER | 06-12-93 | 5'7” | 81 | કુંવારા | પોતે - ગર્વમેન્ટ જોબ, પિતા - એકાઉન્ટન્ટમાં જોબ, ભાઈ - યુ.એસ.એ. | કરજીસણ |
| 3031 | 42 | યુ.એસ.એ. | B.B.A. & Manage Business | 14-10-98 | 6'4” | 86 | કુંવારા | પોતે તથા ફેમીલી - યુ.એસ.એ. સીટીઝન અને પોતાનો ધંધો | ભાદોલ |
| 3032 | મોટોબાર | ઓસ્ટ્રેલિયા | B.Sc. Chemistry | 13-12-97 | 5'8” | 54 | કુંવારા | પોતે ઓસ્ટ્રેલિયા અને જોબ, બહેન યુ.એસ.એ. | માથાસુર |
| 3033 | 42 | અમદાવાદ | M.Com | 05-12-2000 | 5'6” | 65 | કુંવારા | પોતે તથા પિતા જોબ, ભાઈ - ભાભી કેનેડામાં બિઝનેશ | જાસલપુર |
| 3034 | 42 | અમદાવાદ | B.E. Electrical | 22-12-93 | 5'10” | 75 | કુંવારા | પોતે તથા પિતા જોબ, | ગોમતીપુર (અમદાવાદ) |
| 3035 | 42 | કેનેડા | Dip. in E.C.E. In Canada | 09-09-99 | 5'9” | 65 | કુંવારા | પોતે કેનેડા વર્ક પરમીટ અને જોબ, પિતા - જોબ, | ઝુલાસણ |

### લગ્નોત્સુક ભાઇઓનુ લીસ્ટ

| NO | GOR | રહેઠાણ | QFY | DOB | HTE | WT | કુ/વિ | શ/મં | વ્યવસાય / વિશેષ નોંધ | વતન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3036 | 42 | કલોલ | B.E. Mechanical | 01-11-96 | 5'6” | 50 | કુંવારા | | પોતે - જોબ, પિતા નિવૃત શિક્ષક | માંકણજ |
| 3037 | 42 | કેનેડા | B.E. Mech. Engi. in Canada | 05-12-99 | 5'6” | 66 | કુંવારા | | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - ગર્વમેન્ટ જોબ, | આખજ |
| 3038 | 42 | યુ.એસ.એ. | B.Tech Engineering | 13-01-95 | 5'5” | 90 | કુંવારા | | પોતે યુ.એસ.એ.માં જોબ, ફેમિલી યુ.એસ.એ. | માંકણજ |
| 3039 | 42 | કેનેડા | B.Sc. Nursing in India | 09-09-99 | 5'8” | 70 | કુંવારા | | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - સર્વિસ, | ઝુલાસણ |
| | | | Children Care in Canada | | | | | | | |
| 3040 | 42 | કેનેડા | B.E. Engineer 3rd Year | 29-06-96 | 6'1” | 64 | કુંવારા | | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - સર્વિસ, | દેઉસણા |
| 3042 | 42 | કેનેડા | Accountant And Payroll | 13-03-95 | 5'11” | 80 | કુંવારા | | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - ગર્વમેન્ટ રીટાયર્ડ, | પલિયડ |
| 3043 | 42 | કેનેડા | B.E. Mechanical Engineering | 22-06-98 | 5'7” | 63 | કુંવારા | | પોતે કેનેડા પી.આર. અને જોબ, પિતા - પોતાનો ધંધો, બહેન યુ.કે. | કલોલ |
| 3044 | 42 | યુ.એસ.એ. | Mechanical Engineering | 30-10-98 | 5'7” | 62 | કુંવારા | | પોતે યુ.એસ.એ.માં જોબ, પિતા - રીટાયર્ડ | સાંથલ |
| 3045 | 42 | યુ.એસ.એ. | B.E.E., Engi. Management | 20-04-93 | 5'11” | 79 | કુંવારા | | પોતે યુ.એસ.એ.માં જોબ અને વર્ક પરમીટ, પિતા - ગર્વમેન્ટ જોબ | સરઢવ |
| 3046 | 42 | સરગાસણ | B.Com | 26-12-2002 | 5'7” | 67 | કુંવારા | | પોતે, ભાઈ તથા પિતા - પોતાનો ધંધો | ઉવારસદ |
| 3047 | 42 | કલોલ | B.B.A. & Pursuing MBA | 16-06-2001 | 5'9” | 66 | કુંવારા | | પોતે બેન્કમાં જોબ, પિતા - રીટાયર્ડ | વડુ |

### લગ્નોત્સુક બહેનોનુ લીસ્ટ

| NO | GOR | રહેઠાણ | QFY | DOB | HTE | WT | કુ/વિ | શ/મં | વ્યવસાય / વિશેષ નોંધ | વતન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 683 | 42 | મહેસાણા | M.Sc. Chemistry | 14-03-99 | 5'4” | 50 | કુંવારી | | પોતે - સર્વિસ ફાર્મા કંપનીમાં, પિતા - જી.ઈ.બી.માં જોબ | ગમાનપુરા |
| 704 | 42 | અમદાવાદ | B.Com., M.Com, P.G.D.C.A. | 19-08-94 | 5'3” | 50 | કુંવારી | | પોતે - સર્વિસ, ભાઈ-પિતા - સર્વિસ | ખરણા |
| 728 | 42 | અમદાવાદ | M.Sc. First Year | 09-03-2000 | 5'5” | 69 | કુંવારી | | માતા - પિતા જોબ | રાજપુર |
| 732 | 42 | અમદાવાદ | IMBA in GLS | 18-02-2000 | 5'6” | 55 | કુંવારી | | પોતે - જોબ, પિતા હોલસેલ કાપડનો ધંધો | ઉંટવા |
| 739 | 42 | અમદાવાદ | M.Com | 07-08-84 | 5'3” | 60 | કુંવારી | | પોતે અભ્યાસ, પિતા - ગર્વમેન્ટ જોબ, માતા - યુ.એસ.એ. | પલિયડ |
| 752 | 42 | કલોલ | S.S.C. Pass | 22-10-88 | 5'1” | 60 | છુટાછેડા | | પિતા - યુ.એસ.એ., માતા, બે ભાઈ યુ.એસ.એ. ગ્રીનકાર્ડ હોલ્ડર | ઓળા |
| 755 | 42 | અમદાવાદ | M.B.B.S in Valsad | 19-09-98 | 5'0” | 48 | કુંવારી | | પોતે - જોબ, પિતા - ગર્વમેન્ટ જોબ, ભાઈ - કેનેડા પી.આર., | આખજ |
| 757 | 42 | કલોલ | M.Com | 28-11-2000 | 5'6” | 65 | કુંવારી | | પિતા - ભાઈ - યુ.એસ.એ. માં પોતાનો ધંધો | - |
| 758 | 41 | યુ.એસ.એ. | B.M. & B. Surgery in USA | 29-09-94 | 5'2” | 48 | કુંવારી | | પોતે તથા ભાઈ યુ.એસ.એ.માં જોબ, પિતા - ગર્વમેન્ટ જોબ, | દેવડા |
| 760 | 42 | અમદાવાદ | B.E. Chemical | 22-02-81 | 5'0” | 65 | છુટાછેડા | | પોતે - ગર્વમેન્ટ જોબ, પિતા રીટાયર્ડ, ભાઈ-યુ.એસ.એ., બહેન, દીકરી-કેનેડા, | ઐઠોર |
| 761 | 42 | ગાંધીનગર | B.Sc., M.S.C. Running | 23-07-2002 | 5'0” | 60 | કુંવારી | | પોતે - જોબ, પિતા - પોતાનો ધંધો | ઉવારસદ |
| 764 | 42 | યુ.એસ.એ. | B.C.A., M.Sc. IT | 19-12-91 | 5'4” | 77 | કુંવારી | | પોતે તથા માતા-પિતા યુ.એસ.એ. ગ્રીનકાર્ડ, એક બહેન યુ.એસ.એ. સીટીઝન | સરસાવ |
| 765 | 42 | કેનેડા | Dip. Business Management | 16-08-2000 | 5'6” | 62 | કુંવારી | | પોતે કેનેડામાં જોબ, પિતા અને ભાઈ પોતાનો ધંધો | પલસાણા |
| 766 | 42 | અમદાવાદ | Physiotherapy Complent | 05-11-2002 | 5'4” | 48 | કુંવારી | | પોતે-ફિઝીયોથેરાપી ટ્રેનીંગ રનીંગ, ભાઈ-કેનેડા સીટીઝન, કાકાનું કુટુંબ અમેરિકા | ચડાસણા |
| 767 | 42 | કલોલ | Nursing (GNM) | 10-02-91 | 5'3” | 59 | છુટાછેડા | | માતા-પિતા, બે ભાઈ - યુ.એસ.એ., એક ભાભી - યુ.એસ.એ. | ભટાસણ |
| 768 | 42 | કલોલ | Physiotherapist | 07-02-96 | 5'3” | 61 | કુંવારા | | પોતે કેનેડામાં જોબ અને સીટીઝન, ભાઈ - કેનેડા પી.આર., પિતા-પોતાનો ધંધો | ભટાસણ |
| 769 | 42 | કલોલ | M.Com | 28-11-2000 | 5'7” | 65 | કુંવારા | | પોતે - જોબ, પિતા, ભાઈ - ભાભી - યુ.એસ.એ. અને પોતાનો ધંધો | સાલડી |
| 770 | 42 | અમદાવાદ | M.Com | 07-08-94 | 5'3” | 60 | કુંવારી | | પોતે અભ્યાસ, પિતા - ગર્વમેન્ટ જોબ, માતા - યુ.એસ.એ. | પલિયડ |
| 771 | 42 | અમદાવાદ | B. Pharm | 22-08-99 | 4'9” | 46 | કુંવારી | | પોતે અભ્યાસ, પિતા - પોતાનો ધંધો | નારદીપુર |
| 772 | 42 | અમદાવાદ | B.A. | 05-01-92 | 5'5” | 42 | કુંવારી | | ભાઈ - સર્વિસ, પિતા - રીટાયર્ડ | જોરણંગ |
| 773 | 42 | યુ.એસ.એ. | M.B.A. in USA | 27-04-2000 | 5'3” | 60 | કુંવારી | | પોતે સ્ટુડન્ટ વિઝામાં યુ.એસ.એ., પિતા - પોતાનો ધંધો, ભાઈ-ભાભી લંડન | કલોલ |
| 774 | 42 | યુ.એસ.એ. | B. Pharm | 11-04-94 | 5'3” | 56 | કુંવારી | | પોતે તથા ફેમિલી યુ.એસ.એ., માતા - પિતા તથા પોતે જોબ | નારદીપુર |

## આશાદીપ જીવનસાથી માહિતી કેન્દ્રના કલેકશન સેન્ટરો

(૧) નરોડા : [illegible] (મો.) [illegible]

(૨) [illegible] : [illegible] ફોન : (મો.) [illegible]

(૩) કલોલ : [illegible] ફોન : [illegible] (મો.) [illegible]

(૪) ગાંધીનગર : [illegible] (મો.) [illegible]

(૫) મહેસાણા : (૧) [illegible] (મો.) [illegible]

(૨) [illegible] મો. [illegible]

(૩) [illegible] (મો.) [illegible]

# વિદેશ ગયેલા ભારતીયોએ ગુજરાતના બજેટથી ૪ ગણા રૂપિયા મોકલાવ્યા!

ભારતીય અર્થવ્યવસ્થા પોતાની મજબુતીનું ઉદાહરણ ફરી એકવાર આપ્યું છે. ગુરૂવારે સંસદમાં રજુ કરવામાં આવેલા ઈકોનૉમિક સર્વેના અનુસાર ભારત ન માત્ર વિશ્વનું સૌથી મોટું રેમિટેંસ પ્રાપ્ત કરનારો દેશ બનવામાં સફળ રહ્યો છે પરંતુ વિદેશી મુદ્રા ભંડાર પણ ઓલટાઈમ હાઈ પર પહોંચી ચુક્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતને ટોટલ ૧૩૫.૪ અબજ ડોલરનું રેમિટેંસ મળ્યું. સર્વેની સૌથી મોટી વાત તે રહી કે હવે ભારત આવનારા પૈસામાં વિકસિત દેશોની હિસ્સેદારી વધી રહી છે. આ વાત પરથી જ ખ્યાલ આવે છે કે, વિદેશમાં ભારતીય સ્કિલ અને પ્રોફેશનલ વર્કર્સની માંગ અને કમાણી બંન્નેમાં જોરદાર ઉછાળો આવ્યો છે. ભારતનો વિદેશી મુદ્રા ભંડાર ૧૬ જાન્યુઆરી સુધી ૭૦૧.૪ અબજ ડોલરના લેવલને ટચ કરી ગયું. આ ભંડાર દ્વારા સમગ્ર દેશ લગભગ ૧૧ મહિનાના આયાતને કવર કરી શકે છે. સાથે જ આ દેશના કુલ બાકી વિદેશી દેવાના ૯૪ ટકા હિસ્સા બરાબર છે. જેવુ તમે જાણો છો કે, વિદેશી મુદ્રા ભંડાક કોઈ પણ વૈશ્વિક આર્થિક સમસ્યા સામે પહોંચી વળવા માટે એક લિક્વિડિટી બફર પુરૂ પાડે છે.

ઈકૉમિક સર્વે અનુસાર દક્ષિણ એશિયામાં ભારતની અંદર **FDI** માં જબરજસ્ત રીતે ઉછાળો આવ્યો છે. દેશમાં રોકાણ મામલે ઈન્ડોનેશિયા અને વિયેતનામને પણ પાછળ છોડી દીધા છે. ગ્રીનફિલ્ડ રોકાણની વાત કરીએ તો વર્ષ ૨૦૨૪ માં ૧ હજાર કરતા નવી યોજનાઓ સાથે ભારત વિશ્વમાં ચોથા સ્થાન પર રહ્યું. બીજી તરફ ડિજિટલ રોકાણ માટે વર્ષ ૨૦૨૦-૨૪ વચ્ચે ભારતમાં ૧૧૪ અબજ ડોલરનું સૌથી વધારે ડિજિટલ રોકાણ આવ્યું.

નાણામંત્રી નિર્મલા સીતારમણે રજુ કરેલા રિપોર્ટમાં જણાવાયું કે, એક્સપ ોર્ટ વધારવા માટે મેન્યુફેક્ચરિંગ કોસ્ટને ઘટાડવી પડશે. ઈનોવેશન, પ્રોડક્ટિવિટીની સાથે દેશની કરન્સી અને અર્થવ્યવસ્થાને મજબુત બનાવી શકાય છે. એક તરફ વિશ્વના અનેક દેશો હાલ દેવાના બોજ તળે દટાયેલા છે ત્યારે ભારતની સ્થિતિ ખુબ જ સારી છે. દેશ પર બહારની લોન અને જીડીપીનો રેશિયો માત્ર ૧૯.૨ ટકા છે, જે કુલ દેવાનાં માત્ર ૫ ટકા કરતા પણ ઓછું છે. વિદેશમાં વસતા ભારતીયો (**NRIs**) દ્વારા મોકલવામાં આવતા નાણાં, જેને ટેકનિકલ ભાષામાં **'Remittances'** કહેવામાં આવે છે, તે ભારતીય અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન છે. વર્ષ ૨૦૨૫-૨૬ના ડેટા મુજબ, ભારતે રેમિટન્સના મામલે નવો ઈતિહાસ રચ્યો છે. ગુજરાતનું બજેટ (૨૦૨૪-૨૫): ગુજરાત સરકારનું વર્ષ ૨૦૨૪-૨૫નું કુલ બજેટ અંદાજે રૂ.૩.૩૨ લાખ કરોડ હતું. ભારતનું કુલ રેમિટન્સ (૨૦૨૫) વર્લ્ડ બેંકના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫માં વિદેશમાં રહેતા ભારતીયોએ ભારત મોકલેલી રકમ ૧૩૫.૪ અબજ ડોલર (અંદાજે ૧૨.૪૪ લાખ કરોડથી વધુ) ને પાર કરી ગઈ છે. તેથી જો એકપ્રકારે ગણતરી કરીએ તો કહી શકાય કે, વિદેશથી આવતા નાણાં ગુજરાતના વાર્ષિક બજેટ કરતા લગભગ ૪ ગણાથી વધારે છે.

# મ્યુનિ. કોર્પો.ની આવાસ યોજનાના ૨૦૦ લાભાર્થીને મકાન પરત લેવાની નોટિસ



શહેરી ગરીબો તેમજ મધ્યમવર્ગના નાગરિકોને ઘરના ઘર આપવાની યોજનામાં મકાન મેળવી લઈ બારોબાર બીજાને ભાડે આપી દેવાના કે કાચી ચિઠ્ઠી ઉપર વેચાણ કરી દેવાના કિસ્સા વધી ગયાં હોવાથી મ્યુનિ. એસ્ટેટ ખાતાએ ચેકિંગ બાદ ૨૦૦ જેટલાં લાભાર્થીઓને તેમને ફાળવેલાં મકાન પરત કેમ ના લઈ લેવા તેવા મતલબની નોટિસ ફટકારી દેતાં આવાસ યોજનાઓમાં મકાન ભાડે આપનારાઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.મ્યુનિ. હાઉસિંગ કમિટીની બેઠક બાદ ચેરમેન મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને મ્યુનિ.ના સહયોગથી ઝુંપડાવાસીઓ તેમજ ઘરવિહોણાં ગરીબોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા મકાન આપવામાં આવે છે, પરંતુ આ યોજના હેઠળ સાવ મફતના ભાવે મકાન મળી ગયાં બાદ કેટલાય લોકો મકાનો ભાડે આપી દેતાં હોવાની તેમજ કેટલીક આવાસ યોજનામાં ખાલી હોય તેવા મકાનોના તાળાં તોડી ભાડે અપાતા હોવાની વ્યાપક ફરિયાદો બાદ સાત ઝોનના એસ્ટેટ ખાતાને તમામ આવાસ યોજનાઓમાં ભાડુઆત શોધવા સઘન ઝુંબેશ હાથ ધરવાની સૂચના અપાઈ હતી.તેના પગલે મ્યુનિ.ના સાતેય ઝોનના એસ્ટેટ ખાતાએ પાંચ હજાર મકાનોમાં ચેકિંગ કર્યુ હતુ અને ૩૭૨ મકાનોના માલિકોને શો કોઝ નોટિસ આપવામાં આવી છે અને ૩૫ મકાનો સીલ કરાયા છે તેમજ ૬૩ મકાનોના લાભાર્થીઓને અંતિમ નોટિસ ફટકારવામાં આવી છે.હાઉસિંગ કમિટી ચેરમેને વધુ વિગતો આપતાં કહ્યુ કે, આવાસ યોજનાઓમાં ચેકિંગ દરમિયાન ચોંકાવનારી વિગતો એ જાણવા મળી હતી કે, ૨૦૦ જેટલા મકાનો ફાળવાયા પછી તે મકાનોમાં લાભાર્થી રહેવા જ આવ્યા નથી, તે જોતાં આ ૨૦૦ જણાને મકાનની કોઈ જરૂરિયાત નહિ હોવાનુ માનીને એસ્ટેટ ખાતાએ ફાળવાયેલાં મકાન પરત લઈ લેવા માટેની નોટિસ ફટકારી દીધી છે. આગામી એક મહિનામાં ૧૦ હજારથી વધુ મકાનોનું ચેકિંગ કરવામાં આવશે. જેના પરિણામે વધુ મકાનો સીલ કરવામાં આવે તેવી શક્યતા છે.મ્યુનિ.એસ્ટેટ ખાતાના સૂત્રોએ જણાવ્યું હતું કે, આવાસ યોજનાઓમા ચેકિંગ કરતાં મૂળ માલિકોએ તેમનુ મકાન વિદ્યાર્થીઓ તેમજ નોકરીયાતોને ભાડે આપી દીધી હોવાનુ જણાયું છે. સૂત્રોએ કહ્યું કે, ઉ.પશ્ચિમ ઝોનમાં ૧૭૩, દ.પશ્ચિમમાં ૨૪, પશ્ચિમમાં ૮૭, દક્ષિણમાં ૪૭ અને પૂર્વ ઝોનમાં ૪૧ આવાસ માલિકોને નોટિસ અપાઈ છે.

મહેનત એ જ એવી ચાવી છે જે દરેક તાળું ખોલી શકે છે.
સમય કેટલો પણ કઠિન કેમ ન હોય,
જો તમે સતત પ્રયત્ન કરતા રહેશો તો જીત તમારું નસીબ બની જશે.

## NHAIએ સમાપ્ત કરી KYVની ઝંઝટ

# ફેબ્રુઆરીથી FASTag યુઝર્સ માટે મોટી રાહત!




ટોલ પ્લાઝા પર કાર રોકાય છે, **FASTag** કાર પર લાગ્યું છે અને તેમાં પૈસા છે, છતાં મશીન બીપ કરે છે અને સામેથી અવાજ આવે છે: "તમારું **KYV** અપડેટ કરાવો." તેની પાછળની લાંબી લાઈન લાગી ગઈ છે અને પ્રશ્ન ઊભો થાય છે: જ્યારે બધું બરાબર છે ત્યારે આ મુશ્કેલી શા માટે? હવે, **NHAI** એ આ મુશ્કેલીમાં ઘટાડો કર્યો છે. નવા **FASTag** ધારકો માટેનો નિયમ જે લાખો ખાનગી વાહન ચાલકો માટે ચિંતાનું કારણ બની રહ્યો હતો, તેને દૂર કરવામાં આવ્યો છે. ૨૦૨૬થી વાહનો હવે ટોલ પ્લાઝા પર મુક્તપણે મુસાફરી કરી શકશે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (**NHAI**) એ નવા **FASTag** જાહેર કરવાની પ્રક્રિયાને સરળ બનાવવાનો નિર્ણય લીધો છે. ખાનગી વાહનો માટે **FASTag** જાહેર કર્યા પછી જરૂરી ફરજિયાત **Know Your Vehicle** (**KYV**) પ્રક્રિયાને સંપૂર્ણપણે દૂર કરશે. આનો સીધો ફાયદો ટોલ પ્લાઝા પર થતી વિક્ષેપોમાં ઘટાડો થશે, કાગળકામમાં ઘટાડો થશે અને ટોલ ચુકવણી પહેલા કરતાં ઘણી સરળ બનશે. આ નવો નિયમ ૨૦૨૬થી અમલમાં આવશે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે ૨૦૨૬ના રોજ અથવા તે પછી જાહેર કરાયેલા તમામ નવા **FASTags** માટે **KYV**ની જરૂર રહેશે નહીં. સત્તામંડળે **FASTags** ધરાવતા નવા જાહેર કરાયેલા વાહનો (કાર, જીપ અને વાન) માટે **KYV** પ્રક્રિયા બંધ કરવાનો નિર્ણય લીધો છે.

અગાઉ, **FASTags** એક્ટિવ થયા પછી પણ વાહન માલિકોને વારંવાર દસ્તાવેજો, ફોટા અથવા ચકાસણી માટે પૂછવામાં આવતું હતું. આના પરિણામે બેંકો અથવા કસ્ટમર કેર તરફથી વારંવાર કૉલ આવતા હતા અને કેટલીકવાર, માન્ય દસ્તાવેજો પૂરા પાડવા છતાં **FASTags** સસ્પેન્ડ કરવામાં આવતા હતા. હવે આ સમસ્યાનો અંત આવવાનો છે. નવા નિયમો હેઠળ, **FASTag** જાહેર કરતા પહેલા તમામ ચકાસણી પૂર્ણ કરવામાં આવશે. બેંકો હવે વાહન ડેટાબેઝ દ્વારા વાહન નોંધણીની ચકાસણી કરશે. આ પ્રક્રિયા ફરજિયાત રહેશે. ચોક્કસ કિસ્સાઓમાં **RC**નો ઉપયોગ ક્રોસ-વેરિફિકેશન માટે થઈ શકે છે. આનો અર્થ એ છે કે ટેગ જાહેર કરતી વખતે બધી માહિતી સાચી છે તેની ખાતરી કરવા માટે બેંકો હવે જવાબદાર રહેશે.

જોકે, **KYV** સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યું નથી. તે ફક્ત ખાસ પરિસ્થિતિઓમાં જ લાગુ થશે, જેમ કે જો **FASTag** ખોટા વાહન સાથે જોડાયેલું જણાય, ટેગ યોગ્ય રીતે ચોંટાડવામાં ન આવ્યો હોય, દુરુપયોગ અથવા છેતરપિંડી થવાની સંભાવના હોય, અથવા ટોલ પ્લાઝા પર વિવાદ ઊભો થાય. સામાન્ય પરિસ્થિતિઓમાં, વાહન માલિકોએ કોઈપણ વધારાની પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડશે નહીં.

જે લોકો પહેલાથી જ **FASTag** નો ઉપયોગ કરી રહ્યા છે તેમના માટે નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જ્યાં સુધી કોઈ સમસ્યા ઊભી ન થાય, ત્યાં સુધી તેમને નિયમિત **KYV** માટે પૂછવામાં આવશે નહીં. આ ટોલ પ્લાઝા પર બિનજરૂરી વિક્ષેપો અને મુશ્કેલીઓ અટકાવશે.

**NHAI** માને છે કે આ ફેરફાર ખાનગી કાર માલિકોના ડ્રાઈવિંગ અનુભવમાં નોંધપાત્ર સુધારો કરશે. અગાઉ માન્ય દસ્તાવેજો આપ્યા પછી પણ **KYV** વારંવાર વિનંતી કરવામાં આવતી હતી, જેના કારણે અસુવિધા થતી હતી. નવી સિસ્ટમ કાગળકામ ઘટાડશે, ટોલ પ્લાઝા પર વિવાદો ઘટાડશે, **FASTags** ના ઝડપી જાહેર કરવા અને એક્ટિવ થશે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી સરળ બનાવશે.

આ છૂટ ફક્ત કાર, જીપ અને વાન જેવા ખાનગી વાહનોને લાગુ પડે છે. બસ, ટ્રક અને મલ્ટી-એક્સલ વાહનો જેવા કોમર્શિયલ વાહનો માટે **KYV** પ્રક્રિયા અમલમાં રહેશે. વધુમાં બધા વાહનો માટે **FASTag** ની આવશ્યકતા યથાવત રહેશે. **NHAI** જણાવે છે કે ડિજિટલ સિસ્ટમ અને વાહન એકીકરણ વધુ મજબૂત બન્યા પછી લોકો જૂની **KYV** પ્રક્રિયા અંગે સમસ્યાઓ અને ફરિયાદોનો સામનો કરી રહ્યા હતા. વાહન માલિકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ બ્લેકલિસ્ટિંગ અથવા ડબલ ટોલિંગ જેવી સમસ્યાઓ ટાળવા માટે તેમના **FASTag** ને સાચા મોબાઈલ નંબર અને બેંક ખાતા સાથે લિંક કરે અને તેને નિયમિતપણે રિચાર્જ કરે.

અંતિમ પેજથી આગળ... ટુરિસ્ટોની બસની માન્યતા રદ

ત્યારે વડોદરા આરટીઓ દ્વારા ટ્રાવેલર્સને આવી ટુરિસ્ટ બસોની માન્યતા રદ કરવા જણાવ્યું હતું. જોકે ટ્રાવેલર્સો દ્વારા છેલ્લા સાતેક વર્ષથી આવી બસોનો ટુરિસ્ટો માટે ઉપયોગ થાય છે. જેનો નિયમિત વેરો અને વીમો પણ ભરાય છે. આવી બસો અંગે કોઈપણ મુસાફર ડ્રાઈવર કે કંડક્ટરો સાથે અઘટીત ઘટના પણ થયાનું પણ જણાયું નથી. સરકાર આ બાબતે કોઈ નીતિવિષયક નિર્ણય નહી લે તો ટ્રાવેલર્સો દ્વારા ઉગ્ર આંદોલન થવાની શક્યતા નકારી શકાતી નથી. જોકે આ અંગે જુદા જુદા રાજ્યના સાંસદોને આવેદનપત્ર આપવાનું પણ નક્કી કરીને સરકાર નિર્ણય અંગે વિચાર ના કરે એ બાબતે જણાવવામાં આવશે. આ ઉપરાંત એક સો જેટલા ટ્રાવેલર્સ સંચાલકો એકત્ર થઈને વડોદરા જિલ્લા કલેકટરને આવેદન આપીને સરકારને નિર્ણય અંગે વિચારણા કરવા અપીલ કરશે.

જોકે તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રતિ માસ રૂપિયા ૫૫ હજાર જેટલો ટેક્સ નિયમિત ભરવામાં આવે છે. જોકે બીજી બાજુ સરકાર દ્વારા આવી બસો નીચલી કક્ષાની હોવાનું જણાવતા ટુરિસ્ટપ વિભાગના પ્રમુખે જણાવ્યું હતું કે, આવા નિર્ણય વિશે સરકાર ફેરવિચારણા કરે એ જરૂરી છે. અગાઉ માનવ અધિકાર મુદ્દે પણ અપીલ કરીને ઘટતું કરવાની માંગ સરકાર સમક્ષ કરવામાં આવી હતી. આમ છતાં પણ જો યોગ્ય ફેર વિચારણા નહીં થાય તો વિવિધ રાજ્ય સહિત વડોદરા અને ગુજરાતમાં ઉપગ્રહ આંદોલન થશે એ અંગે બે મત નહિ હોવાનું જણાવ્યું હતું.

અંતિમ પેજથી આગળ... બાળકોમાં ડિઝિટલ

મુખ્ય ભલામણો અને ચિંતાઓ :- આ આર્થિક સર્વેક્ષણમાં ડિજિટલ પ્લેટફોર્મની નકારાત્મક અસરોને ઘટાડવા માટે કેટલાક કડક પગલાં ભરવાનું સૂચન કરવામાં આવ્યું છે : પ્લેટફોર્મની જવાબદારી: રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ગેમ્બલિંગ એપ્સને વય ચકાસણી લાગુ કરવા માટે જવાબદાર ઠેરવવી જોઈએ. ફીચર્સ પર નિયંત્રણ: બાળકો અને યુવાનો માટે ઓટો-પ્લે વીડિયો ફીચર્સ અને ટાર્ગેટેડ જાહેરાતો પર નિયંત્રણ લાવવાની વાત કરવામાં આવી છે, કારણ કે આ ફીચર્સ સ્ક્રીન ટાઈમ વધારવા અને લત લગાવવામાં મોટી ભૂમિકા ભજવે છે. પારિવારિક ભૂમિકા: સર્વેક્ષણમાં માત્ર કાનૂની ઉપાયો પર જ નહીં, પરંતુ સામાજિક પરિવર્તન પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. પરિવારોને સ્ક્રીન-ટાઈમ લિમિટ, ડિવાઈસ-ફ્રી સમય અને ઓફલાઈન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની સલાહ આપવામાં આવી છે. વર્તમાનમાં ભારત ફેસબુક, યુટ્યુબ અને **X** જેવા પ્લેટફોર્મ્સ માટે વિશ્વના સૌથી મોટા બજારોમાંનું એક છે. જોકે, ભારતમાં અત્યાર સુધી સોશિયલ મીડિયાના ઉપયોગ માટે કોઈ સમાન રાષ્ટ્રીય લઘુત્તમ વય નિર્ધારિત નથી. સર્વેક્ષણ મુજબ, ડિજિટલ લત માત્ર માનસિક સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ ઉત્પાદકતા અને સામાજિક વર્તનને પણ અસર કરી રહી છે.

પ્રથમ પેજથી આગળ... અમદાવાદ - મહેસાણા વચ્ચેના હાઈવે

સામાવિષ્ટ પાંચ ઓવરબ્રિજ/ ફ્લાય ઓવરને જોડતો કુલ ૬.૧૦ કિ.મી.લંબાઈનો એલીવેટેડ કોરિડોરને તૈયાર કરાશે.જેથી સ્થાનિક શહેરના આંતરિક ટ્રાફિકના કોઈપણ અવરોધ વિના હાઈવે પરનો ટ્રાફિક પસાર થઈ શકે.વધુમાં રસ્તા પરના તમામ બ્રિજ સ્ટ્રકચર/પાઈપ કલવર્ટ/બોક્ષ કલવર્ટને આઠ માર્ગીય કરવાની કામગીરી કરવામાં આવશે.

પ્રવક્તા મંત્રી વાઘાણીએ કહ્યું હતું કે,આ ઉપરાંત આઠ ફ્લાયઓવરમાં મુખ્યત્વે શેરથા ખાતે બે, રાજપુર ભાસરીયા, જગુદણ, મેવડ ખાતે મળી કુલ ૬ નવા ફ્લાયઓવર જયારે કલોલ અને છત્રાલ ખાતે વધારાના ચાર માર્ગીય ફ્લાયઓવર બનશે. વધુમાં આઠ સ્થળોએ અંડરપાસ બનાવવામાં આવશે. જેમાં શેરથા પાસે બે, ઈફકો કલોલ પાસે ૧, કલોલ શહેર ખાતે બે, છત્રાલ પાસે ૧ અને નંદાસણ અને ગણેશપુરા પાસે એક-એક અંડરપાસ બનશે. જ્યારે હયાત કલોલ આર.ઓ.બી.ની બાજુમાં નવો વધારાનો ચાર માર્ગીય આર.ઓ.બી. બનશે. આ પ્રોજેક્ટની કામગીરીના ટેન્ડર ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. આ ટેન્ડરની મંજૂરી બાદ બે વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

પ્રથમ પેજથી આગળ... મધર ઓફ ડીલ્સમાં...

બીજી તરફ અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે **EU** ની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, **EU** એ ભારત પર રશિયન તેલ ખરીદવા અંગે દબાણ ન કર્યું. અમેરિકી ટેરિફના કારણે ભારતે રશિયન ઓઈલ ઈમ્પોર્ટ ઘટાડ્યું, પરંતુ યુરોપે ભારત પાસેથી રિફાઈન્ડ પ્રોડક્ટ્સ ખરીદીને પરોક્ષ રીતે યુદ્ધને ફંડ આપ્યું છે. ટ્રમ્પના રાષ્ટ્રપતિ બન્યા બાદ અમેરિકા-ઈ સંબંધો તણાવપૂર્ણ છે. ગયા વર્ષે અમેરિકાએ ઈ પર ટેરિફ ૧૫ ટકા સુધી ઘટાડ્યો હતો, પરંતુ ગ્રીનલેન્ડ વિવાદ બાદ ટ્રમ્પે તેને ૩૦ ટકા સુધી વધારવાની ધમકી આપી હતી. ત્યારબાદ તે ફ્રેમવર્ક એગ્રીમેન્ટથી દૂર રહ્યું. ટેક રેગ્યુલેશન અંગે પણ બંને પક્ષો વચ્ચે ટક્કર જોવા મળી રહી છે.

## અબજોના વેપારને મળશે પડકાર

# ભારત અને ઈયુની ટ્રેડ ડીલથી બાંગ્લાદેશની મુશ્કેલી વધી

ભારત અને ઈયુ વચ્ચે ઐતિહાસિક મુક્ત વેપાર કરાર **FTA** થઈ ગયો, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુરોપિયન યુનિયનના નેતાઓ ઉર્સુલા વોન ડેર લેયને અને ઓન્ટેનિઓ કોસ્ટાએ મધર ઓફ ઓલ ડીલ્સ ગણાવી હતી. વૈશ્વિક તણાવ પૂર્ણ સ્થિતિ વચ્ચે ભારત અને ઈયુ વચ્ચે હ્રછ માટે દાયકાઓથી અટકી અટકીને ચાલતી વાટાઘાટોનો આખરે અંત આવ્યો છે. આ વેપાર કરાર બંને પક્ષોને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વ્યૂહાત્મક રક્ષણ પૂરું પાડશે. આ કરાર હેઠળ ભારતનો ૯૩ ટકા સામાન ઈયુમાં ડયુટી ફ્રી થશે જ્યારે ઈયુના ૯૦ ટકા સામાન પર ઈમ્પોર્ટ ડયુટી સમાપ્ત થઈ જશે અથવા ઘટી જશે, જેને પગલે બંને પક્ષો વચ્ચેનો વેપાર ૨૦૩૧ સુધીમાં ૫૧ અબજ ડોલર (રૂ. ૪.૬૮ લાખ કરોડ) સુધી પહોંચવાનો અંદાજ છે. આ કરારથી ભારત અને ઈયુની ચીન અને અમેરિકા પરની નિર્ભરતા ઘટી જશે.

આ કરાર બાદ ભારતીય કાપડ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે મોટી તકો ખુલતી દેખાઈ રહી છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું હતું કે, આ કરારથી ભારતના ટેક્સટાઈલ નિકાસમાં મોટો ઉછાળો આવી શકે છે અને આ સેક્ટર ટૂંકા ગાળામાં વર્તમાન ૭ અબજ ડોલરથી વધીને ૩૦થી ૪૦ અબજ ડોલર સુધી પહોંચવાની ક્ષમતા રાખે છે. તેનાથી આ શ્રમ-પ્રધાન ક્ષેત્રમાં ૬૦-૭૦ લાખ નવી નોકરીઓનું સર્જન થવાની સંભાવના છે.

પીયૂષ ગોયલે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે, ઘણીવાર એ સવાલ પૂછવામાં આવતો હતો કે, ટેક્સટાઈલ નિકાસમાં બાંગ્લાદેશ ભારતથી આટલો આગળ કેમ છે. તો વાસ્તવમા બાંગ્લાદેશ એક ઓછો વિકસિત દેશ (**LDC**) છે, તેથી તેને યુરોપિયન બજારમાં ઝીરો ડ્યુટીનો લાભ મળે છે. આ જ કારણ છે કે બાંગ્લાદેશે **EU**ના ૨૫૦ અબજ ડોલરના કાપડ બજારમાંથી ૩૦ અબજ ડોલર પર કબજો જમાવી લીધો છે. ભારત હાલમાં માત્ર ૭ અબજ ડોલરની નિકાસ કરે છે અને ભારતીય માલ પર ૧૨% સુધીની ડ્યુટી લાગે છે. આ **FTA** લાગુ થતાની સાથે જ ભારત ડ્યુટીના મામલે બાંગ્લાદેશની સમકક્ષ આવી જશે, જેનાથી ભારતીય નિકાસકારો માટે સ્પર્ધા કરવાનું સરળ બનશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ભારતમાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી કૃષિ પછી બીજુ સૌથી મોટું રોજગાર આપનારું ક્ષેત્ર છે, જેમાં લગભગ ૪ કરોડ લોકો કામ કરે છે. વર્તમાનમાં ભારત યુરોપિયન યુનિયનને વાર્ષિક લગભગ ૭ અબજ ડોલરના ટેક્સટાઈલ અને એપરલની નિકાસ કરે છે, જેના પર ૧૨% સુધીની ઈમ્પોર્ટ ડ્યૂટી લાદવામાં આવે છે. **FTA** અમલમાં આવ્યા પછી આ ઈમ્પોર્ટ ડ્યૂટી સમાપ્ત થઈ જશે, જેનાથી ભારતની નિકાસમાં ઝડપી વધારો થઈ શકે છે.

પીયૂષ ગોયલે કહ્યું કે, આ કરાર હેઠળ ભારતીય માલસામાનને અભૂતપૂર્વ બજાર પહોંચ મળશે. આ કરાર **EU** માં ભારતની કુલ નિકાસના આશરે ૯૯% અને ભારતમાં **EU** નિકાસના ૯૭%ને કવર કરી લે છે. ટેક્સટાઈલ, એપરલ, ગૃહ સજાવટ અને ફર્નિશિંગ જેવા ક્ષેત્રો જેમાં શ્રમિકોનો હિત સર્વોપરી છે, તેમને પહેલા દિવસથી જ ડ્યુટી-ફ્રી ઍક્સેસ મળશે. વર્તમાનમાં યુરોપિયન બજારમાં ભારતનો હિસ્સો ખૂબ ઓછો છે (માલસામાનમાં ૧.૫% અને સેવાઓમાં ૨.૫%), જે હવે ઝડપથી વધવા માટે તૈયાર છે.

અંતિમ પેજથી આગળ... ચારધામ..

વિદેશીઓ કે અશ્રદ્ધાળુઓનો પ્રવેશ અહીં ક્યારેય પ્રચલિત રહ્યો નથી. પુરોહિત પ્રણાલી દીક્ષા અને સંપ્રદાય પર આધારિત રહી છે. મસ્જિદોમાં પ્રાર્થના માટે જરૂરીયાતો છે અને ચર્ચમાં ધાર્મિક વિધિઓ માટે મર્યાદાઓ છે. દરેક ધર્મને પોતાની પવિત્રતા અને શિસ્ત નક્કી કરવાનો અધિકાર છે. અદાલતોએ સ્પષ્ટ કર્યું છે કે મંદિર પ્રવેશ એ સામાન્ય નાગરિક અધિકાર નથી, પરંતુ ધાર્મિક આચરણનો વિષય છે. ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે ચાર ધામમાં બિન-હિન્દુઓના પ્રવેશને વાજબી ઠેરવ્યો છે. તેમણે કહ્યું કે જેમને દેવતાઓમાં શ્રદ્ધા નથી તેમનો ચાર ધામમાં કોઈ કામ નથી. તેમણે કહ્યું કે ભારતની શાશ્વત સંસ્કૃતિ પર વિશ્વભરમાં હુમલો થઈ રહ્યો છે, અને તેથી, તેને જાળવવા માટે મજબૂત પગલાં લેવા જરૂરી છે. મંગળવારે યુસીસીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે દેહરાદૂન ખાતે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી મંદિરો શાશ્વત શ્રદ્ધાના કેન્દ્રો છે. જેમને દેવી-દેવતાઓમાં શ્રદ્ધા નથી તેમને અહીં આવવાની જરૂર નથી.

### ચાર ધામમાં ગેરહિન્દુઓના પ્રવેશ પર મોટો નિર્ણય

# પવિત્ર ચારધામમાં હવે હિન્દુઓની સાથે સાથે શીખ, બૌદ્ધ અને જૈનોને જ એન્ટ્રી



ગંગોત્રી મંદિર સમિતિ સાથે મળીને BKTCએ ઉત્તરાખંડના ચાર ધામોમાં બિન-હિન્દુઓના પ્રવેશ અંગેની પરિસ્થિતિ સ્પષ્ટ કરી છે. શીખ, જૈન અને બૌદ્ધોને હિન્દુઓ સાથે પ્રવેશ આપવામાં આવશે. ઉત્તરાખંડ વક્ફ બોર્ડના અધ્યક્ષ શાદાબ શમ્સે આ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું, "જે લોકો શ્રદ્ધા રાખતા નથી તેમને ચાર ધામોમાં શું કામ છે?"

BKTCના પ્રમુખ હેમંત દ્વિવેદીએ કહ્યું કે કેદારનાથ અને બદ્રીનાથ ધામ પિકનિક સ્પોટ નથી, પરંતુ સનાતન પરંપરાના સર્વોચ્ચ આધ્યાત્મિક કેન્દ્રો છે. બંધારણની કલમ ૨૫ સ્પષ્ટપણે જણાવે છે કે શીખ, જૈન અને બૌદ્ધ સનાતન પરંપરાનો ભાગ છે. કલમ ૨૬ આપણને આપણી ધાર્મિક પરંપરાઓ અને પૂજા પ્રથાઓનું રક્ષણ કરવાનો અધિકાર આપે છે. આ નિર્ણય કોઈની વિરુદ્ધ નથી, પરંતુ સદીઓ જૂની શ્રદ્ધા, શિસ્ત અને પવિત્રતાને જાળવવા માટે છે. ઉત્તરાખંડમાં હજારો સ્થળો પર્યટન માટે ખુલ્લા છે, તેથી મંદિરોની ઓળખ બદલવી એ શ્રદ્ધા સાથે અન્યાય થશે. જે લોકો સનાતન પરંપરામાં માને છે તેઓ તેમની શ્રદ્ધા અનુસાર આગળ વધી શકે છે, પરંતુ મંદિરની મૂળ ધાર્મિક ઓળખ સાથે સમાધાન કરી શકાતું નથી. ગંગોત્રી મંદિર સમિતિના પ્રમુખ સુરેશ સેમવાલે જણાવ્યું હતું કે હિન્દુઓ ઉપરાંત, શીખ સમુદાયના સભ્યો પણ મુલાકાત લઈ શકે છે. જેઓ હિન્દુ ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે અને હિન્દુ ધર્મનો આદર કરે છે તેઓ પણ મુલાકાત લઈ શકે છે.

ધાર્મિક સંગઠનોએ બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધનું સ્વાગત કર્યું. શ્રી કેદાર સભા અને શ્રી ડિમરી ધાર્મિક કેન્દ્રીય પંચાયત સહિત તમામ સનાતન ધર્મ અનુયાયીઓએ તેને ટેકો આપ્યો છે. શ્રી ગંગોત્રી અને શ્રી યમુનોત્રી મંદિર સમિતિઓએ મંદિરમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાનો ઠરાવ પસાર કર્યો છે. BKTC પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે મંદિરોમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર લાંબા સમયથી પ્રતિબંધ છે, આ કોઈ નવો નિયમ નથી, પરંતુ સદીઓ જૂની પરંપરાનું ઔપચારિક પાલન છે. આ કોઈ ધર્મના વિરોધનો વિષય નથી, એકમાત્ર પ્રશ્ન એ છે કે કોઈ વ્યક્તિ તે પરંપરામાં માને છે કે નહીં.

અનુસંધાન ત્રીજા પાને...

### ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# ૨૦૨૬-૨૭ના ટેકાના ભાવો નક્કી કરવા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

ગુજરાતના ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનોના વાજબી અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. રાજ્યના કૃષિ અને પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ન્યૂનતમ ટેકાના ભાવ કમિટીની ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિવિધ રવિ અને ખરીફ પાકોના ટેકાના ભાવ નક્કી કરી કેન્દ્ર સરકારને ભલામણ મોકલવાનો મુખ્ય એજન્ડા રહ્યો હતો. આ બેઠક દરમિયાન પાકોના ઉત્પાદન ખર્ચ, બિયારણ, ખાતર, મજૂરી, બજારની સ્થિતિ તેમજ ખેડૂતોની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જે મામલે મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોની આવક વધારવા માટે પ્રતિબદ્ધ છે અને ૨૦૨૬-૨૭ માટે જીરું, ઘઉં, રાયડો તેમજ અન્ય તેલીબિયાં સહિતના પાકો માટે વાજબી અને વ્યવહારુ ભાવની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે, જે ટૂંક સમયમાં કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે.

નોંધનીય છે કે, ગાંધીનગરમાં યોજાયેલી આજની આ બેઠકમાં કૃષિ અને સહકાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ભારતીય કિસાન સંઘના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. કિસાન સંઘ દ્વારા ખેતીના વધતા ખર્ચ અંગે વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ સરકારે ખાતરી આપી હતી કે, ખેડૂતોને નુકસાન ન થાય તે રીતે MSP અંગેની ભલામણો તૈયાર કરવામાં આવશે.

ઉપરાંત રાજ્ય સ્તરેથી તૈયાર થયેલ રિપોર્ટ હવે કેન્દ્રના કૃષિ મંત્રાલય તથા 'કમિશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટ્સ એન્ડ પ્રાઈસીસ'ને મોકલવામાં આવશે તેવી માહિતી હાલ સામે આવી રહી છે. જે અનુસાર, કેન્દ્ર સરકાર રાજ્યની ભલામણોને આધારે આગામી સીઝન માટે દેશવ્યાપી MSP જાહેર કરશે. ત્યારે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે રાજ્યમાં મગફળી, સોયાબીન અને અડદ જેવી ઉપજની મોટા પાયે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી, જેના કારણે લાખો ખેડૂતોને સીધો લાભ થયો હતો. આ વચ્ચે મંત્રી જીતુ વાઘાણીએ પત્રકાર પરિષદમાં રાજ્ય સરકારના અન્ય મહત્વના નિર્ણયોની પણ માહિતી આપી હતી કે, કેબિનેટ બેઠકમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીના અવસાન પર શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ ડાવોસ ખાતે યોજાયેલા વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં નાયબ મુખ્યમંત્રી સાથે રાજ્યના પ્રતિનિધિ મંડળે ભાગ લીધો હતો અને ત્યાં ભારત પ્રત્યે વ્યક્ત થયેલી સકારાત્મક લાગણી બદલ વડાપ્રધાનને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ઉત્તર ગુજરાતની ટ્રાફિક સમસ્યા ઘટાડવા માટે અમદાવાદ-મહેસાણા માર્ગને ૮ લેન બનાવવાની મુખ્યમંત્રી દ્વારા મંજૂરી આજની કેબિનેટ બેઠકમાં અપાઈ હોવાની માહિતી પણ જીતુ વાઘાણીએ પત્રકાર પરિષદમાં આપી હતી, જે બાબતેની મળતી વિગતો અનુસાર, ૯૧.૬૦ કિમી લાંબા આ અમદાવાદ-મહેસાણા માર્ગ પર ૮ ફ્લાયઓવર અને ૮ અંડરપાસ બનાવાશે. સાથે આદિજાતિ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક ઊભું કરવા માટે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને ભારત નેટને સૂચના પણ આપવામાં આવી છે, તેમજ સહકારી મંડળીઓ, જેમની ચૂંટણી પ્રક્રિયા બાકી છે અથવા ચાલુ છે, તેમને જાહેરનામાની તારીખથી આગામી છ માસ સુધી ચૂંટણીમાંથી મુક્તિ આપવામાં આવી છે. જ્યારે પછાત વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી વધારવા પીએમ સડક યોજના અંતર્ગત રૂ.૨૬૦૦ કરોડના ખર્ચે નવા રોડ રસ્તા બનાવવાની જાહેરાત પણ કેબિનેટની બેઠક બાદ કરવામાં આવી છે.

### SIRની કામગીરીને લીધે સરકારનો નિર્ણય

# ગુજરાતની સહકારી મંડળીઓની ચૂંટણી આગામી ૬ મહિના સુધી સ્થગિત કરાઈ

રાજ્યમાં ચાલી રહેલી 'SIR' (Special Intensive Revision)ની મહત્ત્વની કામગીરીને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા સહકારી ક્ષેત્રને લઈને એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી છ માસ સુધી યોજવામાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં જીઁઈની અત્યંત મહત્ત્વની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર વ્યસ્ત હોવાથી સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું હાલના તબક્કે મુશ્કેલ છે. આથી, વહીવટી સરળતા ખાતર આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**જાહેરનામાની મુખ્ય વિગતો**

**મુક્તિનો ગાળો:** જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી.

**કાયદાકીય જોગવાઈ:** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, કલમ-૭૪(ગ) અને કલમ-૧૪૫(ક) થી (વ) ની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.

**કોને લાગુ પડશે?:** એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ જેની ચૂંટણી પ્રક્રિયા હાલ ચાલુ છે અથવા આગામી સમયમાં યોજાવાની હતી.

**કોને આ મુક્તિ લાગુ પડશે નહીં?** : જે સહકારી મંડળીઓની ચૂંટણી પ્રક્રિયા કોઈ ન્યાયિક હુકમ અથવા કોર્ટના ચુકાદા અંતર્ગત હાથ ધરવામાં આવી રહી હોય, તેવી મંડળીઓને આ મુક્તિ લાગુ પડશે નહીં. એટલે કે, ન્યાયિક આદેશ વાળી ચૂંટણીઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. આ નિર્ણયથી રાજ્યના સહકારી માળખામાં અને ચૂંટણીની તૈયારી કરી રહેલા ઉમેદવારોમાં મોટી અસર જોવા મળશે. મહેસૂલી તંત્ર હવે સંપૂર્ણપણે SIR ની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

### આંગણવાડી બહેનોના હિતમાં સરકારનો નિર્ણય

# દરેક આંગણવાડી કેન્દ્રને અનાજ વહન માટે રૂ.૨૪૦૦ આપવાનો નિર્ણય

ગુજરાત રાજ્યની હજારો આંગણવાડી બહેનો માટે લાંબા સમય બાદ રાહતના સમાચાર સામે આવ્યા છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ ઠરાવ બહાર પાડી રેશનિંગ દુકાન અથવા સરકારી ગોડાઉનથી આંગણવાડી કેન્દ્ર સુધી અનાજના જથ્થા વહન માટે પ્રત્યેક આંગણવાડી કેન્દ્રને રૂ.૨૪૦૦ની મર્યાદામાં રકમ ચૂકવવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયથી વર્ષોથી આંગણવાડી બહેનોને ભોગવવી પડતી આર્થિક મુશ્કેલી દૂર થવાની આશા ઊભી થઈ છે.

અત્યાર સુધી રાજ્યભરની આંગણવાડી બહેનોને બાળકોના પોષણ માટે જરૂરી અનાજ, દાળ, તેલ સહિતનો જથ્થો ગોડાઉનમાંથી પોતાના ખર્ચે લાવવો પડતો હતો. ઘણા વિસ્તારોમાં ગોડાઉન અને આંગણવાડી કેન્દ્ર વચ્ચેનું અંતર વધુ હોવાથી વહન ખર્ચ બહેનોના ખિસ્સેથી જ ચૂકવવો પડતો હતો. ખાસ કરીને ગ્રામ્ય અને આદિજાતિ વિસ્તારોમાં આ સમસ્યા વધુ ગંભીર બની હતી.

આ મુદ્દે ભારતીય મજદૂર સંઘ સંલગ્ન ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા છેલ્લા લાંબા સમયથી રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી રહી હતી. સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી મનીષાબેન વકીલ તેમજ સંબંધિત અધિકારીઓને વારંવાર ધ્યાન દોરવામાં આવ્યું હતું કે, આંગણવાડી બહેનોને મળતી મર્યાદિત માનદ વેતનમાંથી આ પ્રકારનો ખર્ચ ઉઠાવવો ન્યાયસંગત નથી. આ માંગણીને લઈને સંગઠન દ્વારા ગાંધીનગરમાં બેઠકો, રેલી અને આંદોલનો પણ યોજાયા હતા. ૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ગાંધીનગર ખાતે યોજાયેલી સત્યાગ્રહ છાવણી અને ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા શ્રમિક આંદોલન બાદ સરકાર પર દબાણ વધ્યું હતું. ત્યારબાદ ભારતીય મજદૂર સંઘના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં સતત ફોલોઅપ કર્યો હતો, જેના પરિણામે હવે આ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જાહેર કરાયેલા ઠરાવ મુજબ, હવે દરેક આંગણવાડી કેન્દ્રને અનાજના જથ્થા વહન માટે રૂ.૨૪૦૦ સુધીની રકમ આપવામાં આવશે. આ રકમ સીધી રીતે બહેનોને સહાયરૂપ બનશે અને તેમના ઉપરથી નાણાકીય બોજ ઘટાડશે. પરિણામે આ નિર્ણયથી આંગણવાડી બહેનોને ભોગવવી પડતી આર્થિક મુશ્કેલી હવે દૂર થશે તેવી આશા ઊભી થઈ છે.

# ટુરિસ્ટોની બસોની માન્યતા રદના નિર્ણયની ફેરવિચારણાની માંગ

કેન્દ્ર સરકાર દ્વારા ટુરિસ્ટ માટેની ૨૮૨ની બસો બંધ કરવાની જાહેરાત કરી હોવા અંગે વડોદરા સહિત ગુજરાત રાજસ્થાન તથા અન્ય રાજ્યના ખાનગી ટ્રાવેલર્સએ ભારે વિરોધ કરીને ઉગ્ર વિરોધ કર્યો છે. આગામી દિવસોમાં આ અંગે ઉગ્ર આંદોલનના મંડાણ થવા અંગેનો વિડીયો વાયરલ થયો હતો.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૮૨ ટુરિસ્ટ બસ હથોડા છાપ હોવાનું જણાવીને તેની માન્યતા રદ કરવા અંગે જાહેરાત કરી હતી. આ અંગે વડોદરા ટુરિસ્ટ વિભાગના ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા આવી ટુરિસ્ટ બસની માન્યતા રદ કરવાની જાહેરાત કરી છે. અનુસંધાન ત્રીજા પાને...




### વોશિંગ્ટનમાં યોજાશે મહત્ત્વની બેઠક

# ટેરિફ વિવાદ વચ્ચે વિદેશ મંત્રી જયશંકર અમેરિકાના પ્રવાસે



ટેરિફ મુદ્દે ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ દરમિયાન, વિદેશ મંત્રી એસ. જયશંકર આગામી સપ્તાહે વોશિંગ્ટનની મુલાકાતે જઈ રહ્યા છે. તેમની આ મુલાકાત એવા સમયે યોજાઈ રહી છે જ્યારે અમેરિકાથી નારાજ થયેલા યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) થઈ ચૂક્યો છે. વિદેશ મંત્રી અમેરિકામાં ક્રિટિકલ મિનરલ્સ પર આયોજિત એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લેશે.

આ બેઠક ૪ ફેબ્રુઆરીએ અમેરિકી વિદેશ મંત્રાલય (સ્ટેટ ડિપાર્ટમેન્ટ) ખાતે યોજાશે, જેની યજમાની અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો કરશે. ક્રિટિકલ મિનરલ્સ પર આ સ્તરની આ પ્રથમ મંત્રી સ્તરીય બેઠક છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રેર અર્થ મિનરલ્સ પર ચીનના એકાધીકારને પડકારવાનો છે. સપ્લાય ચેન સુરક્ષિત કરવાનો હેતુ આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વના ભાગીદાર દેશોને એક મંચ પર લાવવાનો છે, જેથી ક્રિટિકલ મિનરલ્સનો પુરવઠો સુરક્ષિત રાખવા માટે સહયોગ વધારી શકાય. આમાં મુખ્યત્વે લિથિયમ, કોબાલ્ટ, નિકલ અને અન્ય કેટલાક રેર અર્થ મિનરલ્સનો સમાવેશ થાય છે. આ ખનિજો ઈલેક્ટ્રિક વાહનોથી લઈને સંરક્ષણ સાધનો અને પુનઃપ્રાપ્ય ઊર્જાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે અત્યંત જરૂરી છે.

ચીનના પ્રભુત્વને પડકારવાની વ્યૂહરચના આ બેઠક વ્યૂહાત્મક રીતે પણ મહત્ત્વની છે કારણ કે ચીને ક્રિટિકલ મિનરલ્સની નિકાસ પર નિયંત્રણો કડક કર્યા છે. અત્યાર સુધી ચીન આ સપ્લાય ચેન પર એકચક્રી શાસન કરી રહ્યું છે. અમેરિકા, ચીનના આ પ્રભુત્વને ખતમ કરવા માટે વિશ્વના વિવિધ દેશોને સાથે લાવીને આ ક્ષેત્રમાં વૈકલ્પિક સપ્લાય ચેન ઊભી કરવા પ્રયાસ કરી રહ્યું છે.

ભારત-અરબ વિદેશ મંત્રીઓની બેઠકની યજમાની અમેરિકા જતા પહેલા, ભારત ૩૦-૩૧ જાન્યુઆરીએ બીજી ભારત-અરબ વિદેશ મંત્રી બેઠકની યજમાની કરશે. વિદેશ મંત્રી એસ. જયશંકર આ બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં આરબ દેશોના ૧૦થી વધુ વિદેશ મંત્રીઓ અને નાયબ વિદેશ મંત્રીઓ ભાગ લેશે, જેમાં આરબ લીગના મહાસચિવ અહેમદ અબુલ ઘૈતનો પણ સમાવેશ થાય છે.


### ભારતમાં સોશિયલ મીડિયા માટે નક્કી કરાશે ઉંમર?

# બાળકોમાં ડિજિટલ વ્યસન અંગે કેન્દ્ર સરકાર ચિંતિત

ભારત સરકારે સંસદમાં રજૂ કરેલા વાર્ષિક આર્થિક સર્વેક્ષણમાં દેશના યુવાનો અને બાળકોમાં વધતી જતી ડિજિટલ લત અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. સર્વેક્ષણમાં સૂચવવામાં આવ્યું છે કે, સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમ્બલિંગ (સટ્ટાબાજી) એપ્સ સુધી પહોંચવા માટે વય-આધારિત મર્યાદાઓ નક્કી કરવા પર વિચાર કરવો જોઈએ.

આ અહેવાલ નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કેન્દ્રીય બજેટ રજૂ કરવાના થોડા દિવસો પહેલા જ રજુ કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ ગુરુવારે રાજયસભામાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ની નકલ સદનના પટલ પર મૂકી હતી. આર્થિક સર્વેક્ષણ સરકાર દ્વારા રજૂ કરવામાં આવતો એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. જેમાં દેશના લગભગ દરેક આર્થિક મોરચાની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવે છે અને આગામી વર્ષના વિકાસ તેમજ પડકારો રજૂ કરવામાં આવે છે.

અનુસંધાન ત્રીજા પાને...




Printed, Published and Owned by RASIKBHAI GANDALAL PATEL and Printed at Shree Ganesh Offset, A/6, Subh Labh Estate, Opp. Ambica Ice Factory, Nr. Mayur Soap Factory, B/h. Maheshwari Mill, Tavdipura, Ahmedabad-380004 and published from B-104, Anmol Twin Bunglows, Opp. Ayodhyanagari Society, Nr. G.S.T. Crossing, Chenpur Road, New Ranip, Ahmedabad-382470. Editor - RASIKBHAI GANDALAL PATEL